# આજે ૧૨ રાજ્યોની ૧૧૭ બેઠકો પર મતદાન

## તમિળનાડુમાં ૩૯, મહારાષ્ટ્રમાં ૧૯, ઉત્તરપ્રદેશમાં ૧૨, મધ્યપ્રદેશમાં ૧૦ સહિત કુલ ૧૧૭ બેઠકો ઉપર મતદાન : અનેક મોટા માથાઓ મેદાનમાં હશે

નવી દિલ્હી,તા. ૨૩

લોકસભાની ચૂંટણીના છઠ્ઠા તબક્કા માટે આવતીકાલે મતદાન યોજાનાર છે. ૧૧૭ બેઠકો ઉપર મતદાન યોજાનાર છે. ૧૧ રાજ્યો અને એક કેન્દ્ર શાસિત પ્રદેશમાં યોજાનાર મતદાનને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. તમિળનાડુમાં ૩૯, મહારાષ્ટ્રમાં ૧૯, ઉત્તરપ્રદેશમાં ૧૨, મધ્યપ્રદેશમાં ૧૦, બિહારમાં સાત, છત્તીસગઢમાં સાત, આસામમાં છ, પશ્ચિમ બંગાળમાં છ, રાજસ્થાનમાં પાંચ, ઝારખંડમાં ચાર, જમ્મુ કાશ્મીરમાં એક અને પુડુચેરીમાં એક બેઠક માટે મતદાન યોજાનાર છે. તમિળનાડુમાં ૫.૫૦ કરોડ મતદારો આશરે ૬૧૦૦૦ મતદાન મથકો ઉપર મતદાન કરશે. એકંદરે ૫૫ મહિલાઓ ૮૪૫ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. જેમાં ભૂતપૂર્વ કેન્દ્રિય પ્રધાન દયાનિધિ મારન, એ રાજા, ટીઆર બાલુ, ટીકેએસ એલાનગોવનનો સમાવેશ થાય છે. કોંગ્રેસના મણિશંકર અય્યર, પીએમકેના નેતા અંબુમણિ રામદોસ પણ મેદાનમાં છે. ચેન્નાઈ દક્ષિણમાં સૌથી વધુ ૪૨ ઉમેદવાર મેદાનમાં છે. તમામ જગ્યાઓએ સઘન સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી છે. આસામમાં સાવચેતીના તમામ પગલા લેવાયા છે. સંવેદનશીલ મતદાન મથકો ઉપર માઈક્રો ઓબ્ઝર્વર પણ તૈનાત કરવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર



ઈલેક્શન કાઉન્ટ-ડાઉન

VOTE 06

દિવસ બાકી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૪૩ | ૨૪ એપ્રિલ, ૨૦૧૪, ગુરૂવાર; ચૈત્ર વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# અમે દેશને મજબુત બનાવવા માંગીએ છીએ

## જાહેર-જીવનમાં ટીકા સહન ન કરી શકનારાઓના મોંઢે લોકશાહીની વાતો શોભતી નથી : નરેન્દ્ર મોદી

કલોલ, તા.૨૩

જાહેર જીવનમાં રોજે રોજ અગ્નિ પરીક્ષા હોય છે અને આ અગ્નિ પરીક્ષામાંથી સુવર્ણની જેમ બહાર નીકળે તે દેશને દોરી શકે તેવા ટોણાં-મહેણાં સાથે આજે પ્રિયંકા ગાંધીનું નામ લીધા વગર મુખ્યમંત્રીશ્રીએ વળતા પ્રહારો કરી જણાવ્યું હતું કે ગુજરાતમાં કોંગ્રેસ ખાતુ ખોલાવી શકશે નહિ અને દેશના ઘણા રાજ્યોમાં આવી જ સ્થિતિ થવાની છે.

ગાંધીનગર જિલ્લાના કલોલ વિધાનસભા મતવિસ્તારમાં ભાજપના ઉમેદવાર અડવાણીના સમર્થનમાં જાહેરસભાને સંબોધતાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે એક પરિવારના જમાઈની ટીકા અમેરિકાના અખબારે કરી તો પરિવારના સૌને તાવ ચડી ગયો. આ પરિવાર પાછો કહે કે તમે જેટલા આરોપો મુકશો તેટલા અમે મજબુત થઈને બહાર આવીશું, તમે મજબુત બનો એમ નહિ પણ દેશને મજબુત બનાવવાની વાત કેમ નથી કરતા. આ દેશને લૂંટીને તમે મજબુત જ બન્યા છો. અમારા અને તમારામાં આ જ તફાવત છે.

તેમણે કહ્યું કે જાહેર જીવનમાં ટીકાઓ સહન ન કરી શકનારાઓને મુખે લોકશાહીની વાતો શોભતી નથી. ટીકાઓ સહન કરી અગ્નિ પરીક્ષા આપી બહાર સુવર્ણની જેમ નીકળો તો ખરા નેતા.

મુખ્યમંત્રીશ્રી મોદીએ ગોધરાકાંડના આરોપોનો પણ આડકતરો પ્રત્યુત્તર આપતાં જણાવ્યું હતું કે જાહેર જીવનમાં આરોપો તો રોજ થાય છે.૧૪ વર્ષમાં એક પણ દિવસ એવો નથી ઉગ્યો કે મોદી સામે કાદવ ના ઉછાળાયો હોય. જુઠાણાં ના ઉચ્ચારાયા હોય...પણ આ બધાથી વિચલિત ન થવાય. અગ્નિ પરીક્ષામાં જે સુવર્ણની જેમ બહાર નીકળે તે જ નેતૃત્વ કરી શકે.

● અનુસંધાન પાન-૭ પર



### મોદીની સભાની સાથે સાથે

- કલોલ ખાતે આજે યોજાયેલી સભામાં મોદી પોણા બે કલાક મોડા પડ્યા હતા. જો કે તેમના આગમનની સાથે જ લોકોમાં એક નવી ચેતનાનો સંચાર થયો હતો.
- મોદીના સંબોધન માટે ખાસ ગ્લાસ ગોઠવવામાં આવ્યા હતા. પરંતુ મોદીએ ખુલ્લામાં જ ભાષણ આપ્યું હતું.
- મોદી પ્રવચન કરવા ઉભા થયા ત્યારે સ્ટેજની ડાબી બાજુ બેઠેલા લોકોને તેઓ દેખાતા ન હોવાથી લોકોએ વચ્ચે આવી ભાષણ કરો તેવી માંગણી કરતાં નીતિનભાઈ પટેલ અને અન્ય નેતાઓએ મુખ્યમંત્રીનું ધ્યાન દોરતાં જ સંચાલકોએ ડાયસ વચ્ચે ખસેડ્યુ હતું.
- આજે પ્રવચન દરમ્યાન મહેસુલ મંત્રી આનંદીબેન પટેલે સંરક્ષણ મંત્રી તરીકે સુશીલકુમાર શિંદેને ટાંક્યા હતા તેથી તરત જ લોકોમાં ગણગણાટ થયો હતો.
- આજે સભાના સ્થળે સલામતિની વ્યવસ્થા જોવા પંચના પોલીસ નિરીક્ષક પણ જિલ્લા પોલીસવડા સિંઘલ સાથે આવી પહોંચ્યા હતા.
- ગાંધીનગર શહેર ભાજપના કાર્યકરોને સભામાં જતા પહેલાં બટાટા પૌઆનો નાસ્તો અપાયો હતો. સભા બાદ ગાંઠીયાના પડીકા અપાયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

